# મોડ્યુલ- GJ 12
# 'પાયાના તબક્કા માટે રમકડાં આધારિત શિક્ષણશાસ્ત્ર'

શિક્ષકનું નામ : ડાભી રાજેશ ધનજીભાઈ મો.નં.:- ૯૦૯૯૪૯૮૯૪
શાળાનું નામ : શ્રી સારંગવાડા પ્રાથમિક શાળા ता – અબડાસા જિ- કચ્છ

★ કોર્સની ઝાંખી :-

કોર્સનું માળખું, હેતુઓ અને કોર્સની રૂપરેખા અંગે સમજ મેળવી હતી.આ ઉપરાંત કોર્સના સમયગાળા અને પ્રમાણપત્ર મેળવવા અંગે સમજ મેળવી હતી.

★ રમકડાં આધારિત શિક્ષણશાસ્ત્રનો પરિચય:-

ડો. રોમિલા સોનીએ 5:15 મિનિટના આ વીડિયોમાં રમકડા આધારિત શિક્ષણશાસ્ત્રનું મહત્વ અંગે સમજ આપી હતી.

☯ પ્રવૃત્તિ: 1 - જાતે કરી જુઓ ☯

બાળપણ ના રમકડા અને રમતોની યાદી તૈયાર કરી અને તેના આધારે કયા કૌશલ્ય કે નિપુણતા મેળવી હતી તેના વિશે લખ્યું હતું.

★ રમત આધારિત શિક્ષણશાસ્ત્ર તરીકે રમકડા, રમતો:-

વાયાગોત્સ્કીના જણાવ્યા અનુસાર 'રમત ભાષા અને વિચારના વિકાસમાં મદદરૂપ થાય છે.' તમામ ઉંમરના બાળકો માટે રમત આવશ્યક છે. તેનાથી આરોગ્ય, સુખાકારી, સમસ્યા નિરાકરણ, ચતુરાઈ જેવા કૌશલ્યનો વિકાસ થાય છે.

☯ પ્રવૃત્તિ: 2 - તમારી સમજ ચકાસો ☯

જેમાં કેટલાંક વિધાનો આપવામાં આવેલ હતા. તે ખરા છે કે ખોટા તે જણાવ્યું હતું.

ત્યારબાદ સ્વદેશી અને પરંપરાગત રમકડાની ભૂમિકા વિશે સમજ મેળવી હતી.

★ રમકડા આધારિત શિક્ષણશાસ્ત્રના માધ્યમથી સાંસ્કૃતિક જોડાણને પ્રોત્સાહન આપવું:-

રમકડાં આધારિત શિક્ષણશાસ્ત્રના માધ્યમથી બહુભાષીતા, સમાવેશન અને સાંસ્કૃતિક જોડાણને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતના રમકડા જેવા કે- ઢીંગલી, રસોઈ, કેલિડોસ્કોપ અને કર્ણાટકના રમકડા જેવાકે- નિસ્ટિંગ ડોલ્સ, રીંગ સેટ પઝલ, કિચન પ્લે સેટના ઉદાહરણો દ્વારા સમજ મેળવી હતી.

☯ પ્રવૃત્તિ: 3 - તમારા વિચારો જણાવો ☯

રાજ્ય/પ્રદેશમાં પ્રખ્યાત રમકડા દ્વારા વિવિધ સંકલ્પનાઓ, કૌશલ્ય શીખવવામાં કઈ રીતે ઉપયોગ કરી શકાય તે અંગેના વિચારો આપેલ લીંક પર જઈને જણાવ્યા હતા.

★ જાતે કરી જુઓ **(D - I - Y)** રમકડા:-

ડો. રોમિલા સોનીના 3:58 મિનિટના વીડિયોમાં DIY રમકડા વર્ગખંડમાં 'મારા રમકડાનું ક્ષેત્ર' નિર્માણ કઈ રીતે કરવું અને કઈ રીતે રમકડા ગોઠવવા તે અંગે સમજ મેળવી હતી.

☯ પ્રવૃત્તિ: 4 - જાતે કરી જુઓ ☯

સંકલ્પનાઓ અને અધ્યયન નિષ્પતિઓ સાથે વિવિધ રમકડા જેમ કે - કાગળ ના રમકડા, માટીના, કાર્ડ બોર્ડના રમકડા અંગે વિચાર કરી નોંધ કરી હતી.

ત્યાર બાદ ઓછી કિંમતે અથવા વિનામૂલ્યે ઉપલબ્ધ સામગ્રી અને સંસાધનોનો ઉપયોગ કરીને રમકડા બનાવવા અંગે સમજ મેળવી હતી.

☯ પ્રવૃત્તિ: 5 - રમકડા માટેના વિસ્તાર/ક્ષેત્રનું નિર્માણ કરવું - તમારા વિચારો જણાવો ☯

વર્ગખંડ કે શાળામાં ટોય એરીયા કેવી રીતે બનાવીશું? અને રમકડા બનાવવામાં બાળકોને મદદ થવા માટે તમે કેવી આવશ્યક અને હસ્ત કૌશલ્ય સંલગ્ન સામગ્રી રાખવી? તે અંગે આપેલ લીંક પર જઈને વિચારો જણાવ્યા હતા.

★ શીખવા માટે રમત આધારિત ઈ- કન્ટેન્ટ:-

શીખવા માટે રમત આધારિત ઈ- કન્ટેન્ટના ઉપયોગ અંગે સમજ મેળવી હતી. NEP-2020ના પ્રકરણ -24 ઓનલાઇન અને ડિજિટલ એજ્યુકેશનમાં ટેકનોલોજીનો સમાન ઉપયોગ સુનિશ્ચિતતા ના પેજ 59 (D)- મનોરંજન આધારિત શિક્ષણ માટે વિદ્યાર્થી અનુરૂપ સાધન સામગ્રીની રચના કરવામાં આવશે. જે અંગે સમજ મેળવી.

☯ પ્રવૃત્તિ: 6 - અન્વેષણ કરો ☯

જેમાં અંગ્રેજી, હિન્દી, ગણિત અને પર્યાવરણ વિજ્ઞાન જેવા વિષયો પર માહિતી શોધવા માટે આપેલ લીંકનો ઉપયોગ કર્યો હતો.

★ રમકડા આધારિત શિક્ષણશાસ્ત્ર અને વિકાસાત્મક ધ્યેયો:-

ડો. સરલ વર્માના વીડિયોમાં ત્રણેય વિકાસાત્મક ધ્યેયોમાં વર્ગખંડોમાં રમકડાં આધારિત શિક્ષણશાસ્ત્રનો અમલ કરવા અંગે સમજ મેળવી હતી.

ત્યાર બાદ રમકડા અને રમત શિક્ષણશાસ્ત્ર અને પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનમાં એકીકૃત કરવા અંગે સમજ મેળવી અને તે બાળકોની રુચિ સાથે જોડાયેલી અને અધ્યયન નિષ્પતિ સાથે જોડાયેલી હોવી જરૂરી છે તે અંગે સમજ મેળવી હતી.

☯ વધારાની પ્રવૃત્તિ: જાતે કરી જુઓ ☯

જેમાં મેગેઝિનમાંના ચિત્રો માંથી બનાવેલ DIY નિદર્શન કરતા માતા-પિતા, પાત્રોને ક્રમમાં ગોઠવવું, બે ટુકડા DIY આકાર સંબંધિત કોયડા અંગેના વિડીયો આપેલ લિંક પર જોઈને સમજ મેળવી હતી.

☞ રમકડાં આધારિત શિક્ષણશાસ્ત્ર માટે આંતરિક મૂલ્યાંકનનું આયોજન કેવી રીતે કરશો?:-

આ માટે બાળકને જ્યારે રમત સાથે રમતુ હોય ત્યારે અધ્યયન નિષ્પતિ ધ્યાને રાખીને મુલ્યાંકન કઇ રીતે કરવું? તે અંગે સમજ મેળવી હતી. ત્યાર બાદ રમકડા આધારિત શિક્ષણશાસ્ત્રમાં માતાપિતા અને પરિવારોની સામેલગીરી શા માટે આવશ્યક છે? તે અંગે સમજ મેળવી હતી.

☯ વધારાની પ્રવૃત્તિ: તમારી સમજ ચકાસો ☯

જેમાં વિવિધ પ્રશ્નોના યોગ્ય જવાબો આપેલા વિકલ્પોમાંથી પસંદ કરીને જણાવ્યા હતા.

★ સારાંશ :-

ચાર્ટ દ્વારા સમગ્ર મોડયુલનો ટૂંકમાં સાર આપવામાં આવેલ હતો. જેના આધારે ટૂંકમાં સમગ્ર મોડયુલ અંગે સમજ મેળવી હતી.

★ પોર્ટફોલિયો :-

આપેલ વિષયના અનુસંધાને અસાઇન્મેંટ બનાવ્યુ હતું.

★ વધારાના સંસાધનો :-

બીજી વધારાની માહિતી માટે કોર્સમાં આપેલ વેબ સાઇટોની નોંધ કરી અને આપેલ લીંક જોઇ વધુ સમજ મેળવી હતી.

★ મુલ્યાંકન :- 20 પ્રશ્નોના ઉત્તર આપી ક્વીઝ પુર્ણ કરી હતી.

આમ, આ મોડયુલ દ્વારા પાયાના તબક્કા માટે રમકડાં આધારિત શિક્ષણશાસ્ત્ર વિશે પુરતી સમજ મેળવી હતી.